સુધરાઇમાંથી રુપાંતર પામેલ ગ્રામ પંચાયતના
કર્મચારીઓ માટે ગુજરાત રાજય સેવા
( પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ મુજબના
સુધારેલા પગાર ધોરણો લાગુ પાડવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૯૮/૧૨૯૬/ભાગ-૨/ક,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: 7 SEP 2001

વંચાણે લીધાઃ-

૧. પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તાઃ ૩૧/૧/૯૨ નો ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૯૧/૨૯૫(૯૨)/ક,
૨. પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તાઃ ૧૧/૧૦/૯૫ નો ઠરાવ ક્રમાંકઃ નપમ/૨૫૯૫/૫૭૯/ક,
૩. પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તાઃ ૨૧/૮/૯૭ નો ઠરાવ ક્રમાંકઃ નપમ/૧૦૯૧/૧૩૭૧/(૯૭)/ક,
૪. પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તાઃ ૨૨/૯/૧૯૯૭ નો ઠરાવ ક્રમાંકઃ નપમ/૧૦૯૧/૧૩૭૧-(૯૭)/ક.

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલા આ વિભાગના તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવથી જુની સુધરાઇમાંથી રુપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોના એલોકેટેડ કર્મચારીઓ તથા રાજય સરકાર અથવા તેણે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજુરી મેળવીને ઉપસ્થિત કરાયેલ જગ્યાઓ ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણુંક પામેલા પૂર્ણકાલિન કર્મચારીઓને ચોથા કેન્દ્રીય વેતન પંચની ભલામણો મુજબના પગાર ધોરણો લાગુ કરવામાં આવેલા છે. આવી પંચાયતોના કર્મચારીઓના પગારધોરણ ગુજરાત રાજય સેવા ( પગાર સુધારણા) નિયમો-૧૯૯૮ અન્વયે સુધારવાનો પ્રશ્ન રાજય સરકારની વિચારણા હેઠળ હતો. આ સબંધમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

૨. સુધરાઇમાંથી રુપાંતર પામેલી ગ્રામ પંચાયતો હેઠળના વિવિધ સંવર્ગો તથા તે માટેના ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા)નિયમો ૧૯૯૮ હેઠળના સુધારેલા પગાર ધોરણોની વિગતો આ ઠરાવ સાથેની અનુસૂચિ !! ગ !! માં દર્શાવેલ છે.

૩. સુધારેલા પગાર ધોરણોમાં સબંધિત કર્મચારીનું પગાર ફીકસેશન વગેરે બાબતો ગુજરાત રાજય સેવા ( પગાર સુધારણા ) નિયમો ૧૯૯૮ ( હવે પછી જેનો ઉલ્લેખ ૧૯૯૮ ના નિયમો તરીકે કરવામાં આવ્યો છે.) અનુસાર નીચેના સુધારાઓને આધિન રહીને વિનિયમિત થશે.

(૧) અનુસૂચિ- ગના કોલમ-૪ માં દર્શાવેલ પગાર ધોરણો તાઃ ૧/૧/૧૯૯૬ થી અમલમાં આવશે.

(૨) અનુસુચિ-ગના કોલમ-૩ માં દર્શાવેલ પગાર ધોરણને ૧૯૯૮ ના નિયમોના નિયમ-૩ ના પેટા નિયમ-(૪) ના હેતુ માટે હાલનું પગાર ધોરણ ( Present scale of pay ) ગણવાનું રહેશે.

(૩) અનુસૂચિ- ગ ના કોલમ-૪ માં દર્શાવેલ પગાર ધોરણને ૧૯૯૮ ના નિયમોના નિયમ-૩ ના પેટા નિયમ- ૬ ના હેતુ માટે સુધારેલ પગાર ધોરણ( Revised scale of pay ) ગણવાનું રહેશે.

(૪) અનુસૂચિ- ગ હેઠળની નોંધ- ૧ થી ૧૨ માં દર્શાવેલ પગાર ધોરણનો લાભ તાઃ ૨૭/૧૦/૮૯ ના રોજ જે તે જગા પર ફરજ બજાવતા કર્મચારીઓને જ મળશે. અને તે પગાર ધોરણો તે કર્મચારીના અંગત પગાર ધોરણ તરીકે ચાલુ રહેશે. આવુ અંગત પગાર ધોરણ મેળવનાર કર્મચારીની નિવૃત્તિ કે અન્ય કારણોસર જગા ખાલી પડતાં તે જગા પર બઢતી કે અન્ય રીતે નિમણુંક મેળવનાર કર્મચારીને આ જોગવાઇનો લાભ મળશે નહીં અને આવી નિમણુંક મેળવનાર કર્મચારીને અનુસૂચિ-ગ ના કોલમ-(૪) માં દર્શાવેલ પગાર ધોરણો જ લાગુ પડશે.

(૫) અનુસૂચિ-ગ હેઠળ નોંધ ( ૧) થી (૧૨) નો લાભ તાઃ ૨૭/૧૦/૮૯ બાદ બઢતીથી નિમણુંક પામેલા કર્મચારીઓને મળી શકશે નહિ.

૪. અનુસૂચિ-ગ માં કોલમ-(૪) માં દર્શાવેલ સુધારેલા પગાર ધોરણમાં સબંધિત કર્મચારીનું પગાર ફીકશેસન નીચેની શરતોને આધિન રહીને કરવાનું રહેશે.

(૧) તાઃ ૧/૧/૯૬ ના રોજ અનુસૂચિ-ગ ના કોલમ-૨ માં દર્શાવેલ જગાઓ ઉપર જે કર્મચારીઓ પુરા સમય માટે કામ કરતા હશે તેમનુ પગાર ફિકશેસન તે અનુસૂચિ-ગ હેઠળની નોંધ ક્રમાંકઃ (૧) થી (૧૨) ની જોગવાઇઓને આધિન રહીને કોલમ-(૪) માં દર્શાવેલ પગાર ધોરણમાં કરવાનું રહેશે.

(૨) તાઃ ૨૭/૧૦/૮૯ બાદ અનુસૂચિ-ગ ના કોલમ- ૨ માં જણાવેલ જગાઓ પર બઢતીથી કે સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓને આ અનુસૂચિ હેઠળની નોંધ (૧) થી (૧૨) નો લાભ મળશે નહી અને તેમનો પગાર કોલમ-(૪) માં જણાવેલ પગાર ધોરણોમાં નકકી કરવાનો રહેશે. ગ્રામ પંચાયતના મંત્રીના કિસ્સામાં અંગત પગાર ધોરણ મેળવવા કર્મચારીની નિવૃત્તિ,રાજીનામું, મૃત્યુ કે અન્ય કોઇ કારણસર તેવી જગા ખાલી પડતા તે જગા પર તલાટી કમ મંત્રીને નિમણુંક આપવાની રહેશે.

(૩) અનુસૂચિ-ગ માં દર્શાવેલ બાલમંદિર આચાર્ય તથા બાલમંદિરશિક્ષક તથા તેડાગરનું પગાર ધોરણ આ ઠરાવ બહાર પડવાની તારીખે જેઓ પૂર્ણકાલિન સેવામાં હોય અને ચોથા પગાર પંચ મુજબ પગાર ધોરણ મેળવતા હોય તે કર્મચારીઓને જ મળવાપાત્ર થશે અને આવા કર્મચારીની નિવૃત્તિ,રાજીનામું કે અન્ય કારણસર તે જગ્યા ખાલી પડતાં તે જગ્યા પર નિમાનાર કર્મચારીને શિક્ષણ વિભાગ તરફથી બાલવાડી/બાલમંદિરના કર્મચારીઓ માટે નકકી કરવામાં આવેલ ફિકસ પગારમાં નિમણુંક આપવાની રહેશે.

(૪) અનુસૂચિ-ગ હેઠળની નોંધ-૧ થી ૧૨ ની જોગવાઈઓ જે કિસ્સામાં રાજય સરકારે તાઃ ૨૪/૬/૮૩ ના ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૮૩/૫૧૦/ક.૧ હેઠળ દરેક પંચાયત દીઠ બહાર પાડેલા હુકમોમાં ઉચ્ચ પગારધોરણ નકકી કરેલ હશે તેવા કિસ્સામાં જ લાગુ પડશે.

(૫) જે કિસ્સામાં સબંધિત ગ્રામ પંચાયતના ઠરાવથી કે ઔધોગિક અથવા મજુર અદાલતના એવોર્ડ કે સમાધાન અન્વયે તાઃ ૨૪/૬/૮૩ ના ઠરાવથી નિયત કરેલ પગાર ધોરણ કરતાં ઉચા પગારધોરણો અમલમાં હશે અને ઉપરોકત તાઃ ૨૪/૬/૮૩ ના ઠરાવના ફકરા-૩(ડી)હેઠળ અંગત પગારધોરણ તરીકે ચાલુ રહેલ હશે તેવા કિસ્સામાં અનુસૂચિ-ગ હેઠળ નોંધ-(૧)થી(૧૨) નો લાભ મળી શકશે નહિ અને આવુ અંગત પગારધોરણ મેળવનાર કર્મચારીએ તેમનું હાલનું અંગત પગારધોરણ અથવા અનુસૂચિ-ગના કોલમ-૪ માં દર્શાવેલ પગારધોરણ એ બે વચ્ચે વિકલ્પ આપવાનો રહેશે, જે કર્મચારી તેનુ હાલનું પગારધોરણ કાયમ માટે ચાલુ રાખવા વિકલ્પ આપે તો તેના કિસ્સામા તે પગારધોરણ તેના અંગત પગારધોરણ તરીકે ચાલુ રહેશે.

(૬) અનુસૂચિ-ગ ના અ.નં.(૨)અને (૪) તથા નોંધ(૧)અને (૩)માં દર્શાવેલ નગર પંચાયત માટેના પગારધોરણ નગર પંચાયતનું ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ ગ્રામ પંચાયતમાં રુપાંતર થતા નવી રચાયેલી ગ્રામ પંચાયતમાં તબદીલ થયેલા કર્મચારીઓને તથા ૧૯૯૩ બાદ નગર પંચાયતનું નગરપાલિકામાં રુપાંતર થયા અગાઉ નગર પંચાયતમાં જ નિવૃત થયેલા ક્રમ-૧૩માં દર્શાવેલ કુલ-૬૦૯ પૈકીનાકર્મચારીઓને અંગત પગારધોરણ તરીકે આપવાના રહેશે.

(૭) પેટા ફકરા-(૫)અને (૬)હેઠળ અંગત પગારધોરણ મેળવતા કર્મચારીની નિવૃતિ, રાજીનામુ અવસાન કે અન્ય કોઇ કારણોસર તે જગા ખાલી પડતા જે જગા પર નિમણુંક મેળવનાર કર્મચારીઓને તે જગા માટેનું સુધારેલ પગારધોરણ લાગુ પડશે અને તેમનો પગાર ફકરા-૯ પ્રમાણે નકકી કરવાનો રહેશે.

૫. ફકરા-૨ થી ૪ ના હુકમો સુધરાઇમાંથી રુપાંતર પામેલી ગ્રામ પંચાયતોના તમામ એલોકેટેડ કર્મચારીઓ તથા રાજય સરકાર કે તેણે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજુરી મેળવીને ઉપસ્થિત કરાયેલ જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણુક પામેલા પૂર્ણકાલિન કર્મચારીઓને લાગુ પડશે.

૬. ફકરા-૪ ના પેટા ફકરા-(૫)અને (૬)હેઠળ અંગત પગારધોરણ ચાલુ રાખવા વિકલ્પ આપનાર કર્મચારીને મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું,સ્થાનિક વળતર ભથ્થું,મુસાફરી ભથ્થું વગેરેના હેતુ માટે મુળ પગાર તે ઉપર તાઃ ૩૧/૧૨/૯૫ ના રોજ મળવાપાત્ર મોંઘવારી ભથ્થું (વધારાનું મોંઘવારી ભથ્થું અને એડહોક મોંઘવારી ભથ્થા સહિત) અને રાજય સરકારે જાહેર કરેલ પ્રથમ અને દ્વિતીય વચગાળાની રાહતના સરવાળાને પગાર તરીકે ગણવાનો રહેશે.

૭. ફકરા-૪ ના પેટા ફકરા-(૧) અને (૬)હેઠળ અંગત પગારધોરણ મેળવતા કર્મચારીને બઢતી આપવામાં આવે ત્યારે તેનો પગાર બઢતીવાળી જગા માટે અનુસૂચિ-ગના કોલમ-૪ માં દર્શાવેલ સુધારેલા પગારધોરણમાં નકકી કરવાનો રહેશે. આ પ્રમાણે પગાર નકકી કરતાં તેનો નીચલી જગા પરનો પગાર બઢતીવાળી જગાના પગારધોરણના ગુરુત્તમ પગાર કરતાં વધતો હશે તો તે તફાવતને અંગત પગાર તરીકે ગણવાનો રહેશે અને ભવિષ્યમાં ઇજાફાઓમાં સામે સરભર કરવાનો રહેશે.

૮. ફકરા-૪ ના પેટા ફકરા-(૫)અને (૬)હેઠળ અંગત પગારધોરણ મેળવતા કર્મચારીને બઢતી આપવામાં આવે ત્યારે તેનો પગાર બઢતીવાળી જગાના અનુસૂચિ-ગના કોલમ-૪ માં દર્શાવેલ પગારધોરણમાં નકકી કરવાનો રહેશે અને તે પ્રમાણે પગાર નકકી કરતાં તેનું હાલના પગાર પરનું કુલ મળતર બઢતીવાળી જગાના સુધારેલા પગારધોરણના ગુરુ-તમ પગાર કરતાં વધી જતું હશે તો તે તફાવતને અંગત પગાર ગણવાનો રહેશે.( આ હેતું માટે કુલ મળતર એટલે કર્મચારીનો બઢતી તારીખે મુળ પગાર તે પગાર પર તાઃ ૩૧/૧૨/૯૫ ના રોજ મળવાપાત્ર મોંઘવારી ભથ્થું, વધારાનું મોંઘવારી ભથ્થું તથા એડહોક મોંઘવારી સહિત)તથા રાજય સરકારે જાહેર કરેલી પ્રથમ અને ધ્વિતીય વચગાળાની રાહત આ બધાનો સરવાળો).

૮(અ). સીનીયર કલેકશન કારકુન/કિશીયર/કલાર્ક કમ કેશીયર, એકાઉન્ટન્ટ કમ ટ્રેઝરર/જુનીયર કલેકશન કલાર્કને નીચે પ્રમાણે ખાસ પગાર મંજુર કરી શકાશે.

| | |
|---|---|
| -માસિક રુપિયા ૨૫૦૦૦ સુધીની લેવડ-દેવડ માટે | રુ.૪૦/- માસિક |
| - રુપિયા ૨૫૦૦૧ થી ૫૦,૦૦૦ સુધીની લેવડ-દેવડ માટે | રુ.૫૦/- માસિક |
| - રુપિયા ૫૦૦૦૧ થી ૨ લાખ સુધીની લેવડ દેવડ માટે | રુ.૭૫/- માસિક |

૯. સુધરાઇમાંથી રુપાંતર પામેલી ગ્રામ પંચાયતના કર્મચારીઓના કિસ્સામા આ ઠરાવ સાથેના નમુના પ્રમાણેનો વિકલ્પ સબંધકર્તા કર્મચારીઓએ તાલુકા વિકાસ અધિકારીશ્રીને આ હુકમોની તારીખથી ત્રણ માસમાં આપવાનો રહેશે. જયારે ફકરા-૪ ના પેટા ફકરા-(૬)અન્વયે જુની નગર પંચાયતના નિવૃ-ત કર્મચારીઓએ તેમનો વિકલ્પ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીને આપવાનો રહેશે. નિ઼્યત સમય મર્યાદામાં વિકલ્પ નહી આપનાર કર્મચારીએ તાઃ૧/૧/૯૬ થી સુધારેલ પગારધોરણ સ્વીકારી લીધેલ છે તેમ ગણવામાં આવશે.

૧૦. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રી(અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી)એ સુધારેલ પગારધોરણ માટે ફકરા-૯ અન્વયે વિકલ્પ આપનાર કર્મચારીનો પગાર નકકી કરતા હુકમો કરવાના રહેશે અને કર્મચારીની સેવાપોથી તથા અન્ય રેકર્ડ સાથે સ્થાનિક ભંડોળ હિસાબના સબંધિત જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીને ચકાસણી માટે મોકલવાના રહેશે.

૧૧. સુધારેલ પગારધોરણમાં પગાર નકકી કરવાના પરિણામે કર્મચારીઓને મળવાપાત્ર રકમ સબંધિત ગ્રામ પંચાયતે તેના સ્વભંડોળમાંથી ચુકવવાની રહેશે. આ રકમ કઇ રીતે ચુકવવી તેનો નિર્ણય જે તે પંચાયતે તેમની આર્થિક સ્થિતિને ધ્યાને લઇ કરવાનો રહેશે, તફાવતની રકમ કર્મચારીઓના ભવિષ્યનિધિ ખાતામાં જમા કરાવવી હોય તો, નીચેની શરતો લાગુ પડશે.

(૧) તાઃ૧/૧/૯૬ થી તાઃ૩૧/૧૨/૦૬ સુધીના તફાવતની રકમ કર્મચારીના ભવિષ્યનિધિના ખાતામાં જમા કરવી પરંતુ જે કર્મચારીઓ હાલમા ભવિષ્યનિધિનું ખાતુ ધરાવતા ન હોય તેઓ જયારે ખાતું ખોલાવે ત્યારે આ રકમ જમા કરાવવાની રહેશે.

(૨) કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડ ધરાવનાર કર્મચારીના ખાતામાં પેટા ફકરા-(૧) હેઠળ જમા થયેલ રકમ સામે પંચાયતે કોઇ ફાળો જમા કરાવવાનો રહેશે નહીં.

(૩) પેટા ફકરા-(૧) હેઠળ જમા થયેલી રકમ ગુજરાત પંચાયત સેવા ( પ્રોવિડન્ટ ફંડ) નિયમો (૧૯૯૮) હેઠળની નિયમોની જોગવાઇઓ હેઠળ ઉપાડી શકાશે.

(૪) જે કર્મચારીઓ આ હુકમો થયા અગાઉ નિવૃત્તિ કે રાજીનામાને કારણે છૂટા થયા હશે અથવા અવસાન પામ્યા હશે તેમને ચુકવવાપાત્ર તફાવતની રકમ તેમને અથવા તેમના કાયદેસરના વારસદારોને ચેકથી ચુકવવાની રહેશે.

૧૨. અનુસૂચિ-ગ માં કોલમ-૩માં દર્શાવેલ પગાર ધોરણના વિગતવાર પગાર ધોરણ અનુસૂચિ-ક માં દર્શાવેલ છે.

(૧) અનુસૂચિ-ગ ના કોલમ-૪માં દર્શાવેલ પગાર ધોરણના વિગતવાર પગાર ધોરણો અનુસૂચિ-ખ માં દર્શાવેલ છે.

(૨) સુધરાઈમાંથી રૂપાંતર પામેલી ગ્રામ પંચાયતોની યાદી અનુસૂચિ-ઘ માં આપેલ છે.

૧૩. આ હુકમનો લાભ અનુસૂચિ-ઘ માં દર્શાવેલ રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતના સંબંધિત કુલ-૬૦૯ કર્મચારીઓને તા. ૧/૧/૯૬થી મળવાપાત્ર થશે, તથા તા. ૧૦/૮/૦૫ થી અનુસૂચિ-ચ માં દર્શાવેલ રૂપાંતરીત ગ્રામ પંચાયતોના કર્મચારીઓને મળવાપાત્ર રહેશે.

૧૪. આ હુકમો નીચેના કર્મચારીઓને લાગુ પડશે નહી.

(૧) પૂર્ણકાલિન ( Full time ) નોકરીમાં ન હોય તેવા કર્મચારીઓ.

(૨) કરારથી ( Contract basis ) નિમાયેલા કર્મચારી (સિવાય કે કરારમાં આવી શરત હોય)

(૩) વર્કચાર્જ કર્મચારીઓ તથા રોજમદાર તથા કેજયુઅલ કર્મચારીઓ.

(૪) આકસ્મિક ફંડમાંથી ચુકવણી થતી હોય તેવા કર્મચારીઓ.

(૫) નિવૃત્તિ પેન્શન મેળવતા હોય તેવા પુનઃનિયુકિત પરના કર્મચારીઓ.

(૬) માસિક ધોરણ સિવાય અન્ય રીતે ચુકવણી થતી હોય તેવા ઉચ્ચક ચુકવણી થતી હોય તેવા કર્મચારીઓ.

(૭) એકત્રિત પગાર પધ્ધતિ પ્રમાણે કામે રાખેલ વ્યકિતઓને.

(૮) બાંધ્યો પગાર( Consolidated Pay )મેળવતા કર્મચારીઓ.

૧૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તારીખ. ૬/૮/૦૭ની નોંધથી મળેલી સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ એલ.ડી.એન્જી.કોલેજ કંપાઉન્ડ,અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણાકિય સલાહકારશ્રી,પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે રુપાંતરીત ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ.
- પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ખ, છ, અને ડ શાખાઓ.
- સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ-ના.સે.અધિ.

અનુસૂચિ-ગ

| ક્રમ | હોદ્દો | વિધમાન પગાર ધોરણ રૂા. | સુધારેલ પગાર ધોરણ રૂા. | રીમાકર્સ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | તબીબી અધિકારી | ૧૬૪૦-૨૯૦૦ | ૫૫૦૦-૯૦૦૦ | |
| ૨ | નગરપંચાયતના મંત્રી | ૧૩૫૦-૨૨૦૦ | ૪૫૦૦-૭૦૦૦ | |
| ૩ | ગ્રામ પંચાયતના મંત્રી( સુઇરાઇમાંથી રૂપાંતરીત) | ૯૫૦-૧૫૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૪. | હેડકલાર્ક/હેડકલાર્ક ક્રમ એકાઉન્ટન્ટ/હેડ કલાર્ક ક્રમ શોપ ઇન્સ્પેકટર/ જનરલ કલાર્ક-એકાઉન્ટન્ટ/ચીફ એકાઉન્ટન્ટ/હેડ એકાઉન્ટન્ટ/ઓકટ્રોય એકાઉન્ટન્ટ | ૧૩૨૦-૨૦૪૦( નગરપંચાયત )<br>૯૫૦-૧૫૦૦( ગ્રામ પંચાયત ) | ૪૦૦૦-૬૦૦૦ ( નગર પંચાયત )<br>૩૦૫૦-૪૫૯૦( ગ્રામ પંચાયત ) | |
| ૫. | ઓવરસીયર/સુપરવાઇઝર/ફોરમેન પાવર સ્ટેશન સુપ્રિટેન્ડેન્ટ/ વોટર વર્કસ સુપરવાઇઝર/ઇલેકટ્રીકલ સુપરવાઇઝર/ વોટર વર્કસ ફોરમેન/સુપરવાઇઝર-કમ-સર્વેયર | (૧) ૧૪૦૦-૨૩૦૦<br>(ડીગ્રી-ડીપ્લોમા ધરાવનાર માટે)<br>(૨) ૧૩૫૦-૨૨૦૦<br>(પ્રમાણપત્ર ધરાવનાર માટે)<br>(૩) ૯૫૦-૧૫૦૦<br>(અન્ય માટે) | (૧) ૪૫૦૦-૭૦૦૦<br>(ડીગ્રી-ડીપ્લોમાં ધરાવનાર માટે)<br>(૨) ૪૫૦૦-૭૦૦૦<br>(પ્રમાણપત્ર ધરાવનાર માટે)<br>(૨) ૩૦૫૦-૪૫૯૦<br>(અન્ય માટે) | |
| ૬. | વોટર વર્કસ ઇન્સ્પેકટર | (૧) ૧૨૦૦-૨૦૪૦ | (૧) ૪૦૦૦-૬૦૦૦ | |
| ૭. | સબ-ઓવરસીયર | (૧) ૧૨૦૦-૧૮૦૦<br>(ડીગ્રી ડીપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે)<br>(૨) ૯૫૦-૧૫૦૦<br>(અન્ય માટે) | (૧) ૪૦૦૦-૬૦૦૦<br>(ડીગ્રી ડીપલોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે)<br>૩૦૫૦-૪૫૯૦(અન્ય માટે) | |
| ૮. | ઓકટ્રોય સુપ્રિન્ટેન્ડેન્ટ/ઓકટ્રોય મેનેજર/ઓકટ્રોય ઇન્સ્પેકટર/ઓકટ્રોય સુપરવાઇઝર/શોપ ઇન્સ્પેકટર/શોપ કમ-ઓકટ્રોય ઇન્સ્પેકટર/ રીકવરી અધિકારી/ વસુલાત ઇન્સ્પેકટર/ઇન્ટરનલ ઓડીટર/ દબાણ અધિકારી/ વોર્ડ ઇન્સ્પેકટર/ટેક્ષ ઇન્સ્પેકટર | ૧૨૦૦-૨૦૪૦ | ૪૦૦૦-૬૦૦૦ | |
| ૯. | સીનીયર કારકુન | (૧) ૧૨૦૦-૨૦૪૦<br>નગર પંચાયત માટે<br>(૨) ૯૫૦-૧૫૦૦ ગ્રામ પંચાયત | (૧)૪૦૦૦-૬૦૦૦<br>નગર પંચાયત માટે<br>(૨) ૩૦૫૦-૪૫૯૦ ગ્રામ પંચાયત | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સીનીયર કલેકશન કારકુન/કેશીયર/કલાર્ક કમ કેશીયર/ એકાઉન્ટન્ટ- કમ- ટ્રેઝરર-જુનિયર કલેકશન કલાર્ક | ૯૫૦-૧૫૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૧૧ | સેનેટરી ઇન્સ્પેક્ટર/સેનેટરી સુપરવાઇઝર/સેનેટરી કમ ફુડ ઇન્સ્પેકટર | (૧) ૧૨૦૦-૨૦૪૦ સેનેટરી ઇન્સ્પેકટરનું પ્રમાણપત્ર/ડીપ્લોમા પ્રમાણપત્ર ધરાવનાર માટે (૨) ૯૫૦-૧૫૦૦ અન્ય માટે | (૧) ૪૦૦૦-૬૦૦૦ સેનેટરી ઇન્સ્પેકટરનું પ્રમાણપત્ર/ડીપ્લોમા પ્રમાણપત્ર ધરાવનાર માટે (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | |
| ૧૨ | ફુડ ઇન્સ્પેકટર | (૧) ૧૨૦૦-૨૦૪૦ સેનેટરી ઇન્સ્પેકટરની લાયકાત ધરાવનાર માટે (૨) ૯૫૦-૧૫૦૦ અન્ય માટે | (૧) ૪૦૦૦-૬૦૦૦ સેનેટરી ઇન્સ્પેકટરની લાયકાત ધરાવનાર માટે (૨) ૩૦૫૦-૪૫૯૦- અન્ય માટે | |
| ૧૩ | નર્સ/મીડ વાઇફ | (૧)૧૩૨૦-૨૦૪૦ ટ્રેઇન્ડ નર્સ મીડવાઇફ માટે (૨) ૯૫૦-૧૫૦૦ અન્ય માટે | (૧)૪૦૦૦-૬૦૦૦ ટ્રેન્ડ નર્સ/મીડવાઇફ માટે (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | |
| ૧૪ | કંપાઉન્ડર/કમ્પાઉન્ડર કમ કલાર્ક/ કલાર્ક કમ કમ્પાઉન્ડર | ([illegible])૧૨૦૦-૨૦૪૦ કવોલીફાઇડ માટે (૨) ૯૫૦-૧૫૦૦ અન્ય માટે | (૧) ૪૦૦૦-૬૦૦૦ કવોલીફાઇડ માટે (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | |
| ૧૫ | [illegible]ચાર્ય પ્રાથમિક શાળા/પ્રાથમિક શિક્ષક | (૧)૧૨૦૦-૨૦૪૦ તાલીમ શિક્ષક માટે (૨) ૯૫૦-૧૪૦૦ બીન તાલીમી શિક્ષક માટે | (૧) ૪૦૦૦-૬૦૦૦ તાલીમી શિક્ષક માટે (૨) ૩૦૫૦-૪૫૯૦ બીન તાલીમી શિક્ષક માટે | |
| ૧૬ | સેનેટરી સબ ઇન્સ્પેકટર | ૯૫૦-૧૫૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૧૭. | કારકુન/ટાઇપીસ્ટ/કારકુન-કમ-ટાઇપીસ્ટ/ટાઇપીસ્ટ-કમ-કારકુન-સ્ટોર કીપર-બાલમંદિર આચાર્ય-ફિલ્ડ વર્કર(કુટુંબ કલ્યાણ) ઘરવેરા અધિકારી/શિવણ શિક્ષણ/જંનરલ ડયુટી ઇન્સ્પેકટર/ગાઇડ/ટુરીસ્ટ ગાઇડ/બસ ગાઇડ/ડ્રેનેજ ઇન્સ્પેકટર/ડ્રેનેજ ઓપરેટર/લાયબ્રેરી કલાર્ક/મદદનીશ ગ્રંથપાલ//મદદનીશ ઓકટ્રોય ઇન્સ્પેકટર/ઓકટ્રોય સબ ઇન્સ્પેકટર/ચેકર/ડ્રાયવર કમ મીકેનીક/કમ્પોસ્ટ સુપરવાઇઝર/લેબોરેટરી ટેકનીશીયન/એકસરે ટેકનીશીયન/ઓકઝીલરી નર્સ/ ઓકઝીલરી મીડવાઇફ/લેબર | ૯૫૦-૧૫૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| | આસીસ્ટન્ટ/હોસ્પીટલ કલાર્ક/ વસુલાતી કારકુન/ વોટર વર્કસ કારકુન/ટ્રાન્સપોર્ટ ગેટ સુપરવાઇઝર/ખેતીવાડી નિરીક્ષક/લાયબ્રેરી સંચાલક/ ફાયર ફાઇટર ડ્રાઇવર | | | |
| ૧૮. | ઓક્ટ્રોય ગાર્ડ | ૯૫૦-૧૫૦૦<br>(અંગત પગાર ધોરણ) | ૩૦૫૦-૪૫૯૦<br>(અંગત પગાર ધોરણ) | |
| ૧૯. | સર્વેયર/મીકેનીક/મીસ્ત્રી/ડ્રાફટસ મેન/મીકેનીકલ ફોરમેન | (૧) ૯૫૦-૧૫૦૦ સંબંધિત ટ્રેડમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે<br>(૨) ૭૫૦-૯૪૦ અન્ય માટે | (૧) ૩૦૫૦-૪૫૯૦ સંબંધિત ટ્રેડમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે<br>(૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | |
| ૨૦ | વાયરમેન/વોટર વર્કસ ઓપરેટર/સ્ટ્રીટલાઇટ વાયરમેન/ સ્ટ્રીટલાઇટ મેન/ઇલેક્ટ્રીશીયન/કલેકટ્રીક ઓપરેટર/સ્વીચ બોર્ડ ઓપરેટર/લાઇટ સુપરવાઇઝર/આસી.વાયરમેન/ઇલેક્ટ્રીક લાઇનમેન/વાયરમેન-કમ-પંપ એટેન્ડન્ટ/વાયરમેન કમ બોર આપરેટર-વોટર વર્કસ એન્જી ડ્રાયવર-પં . ઓપરેટર-મશીન ઓપરેટર(વોટર વર્કસ) -વોટર વર્કસ સુપરવાઇઝર-ઓપરેટર-એન્જીન ડ્રાઇવર-વોટર વર્કસ એન્જીનીયર-ચીફ મશીન ઓપરેટર--પંપ ડ્રાયવર-હેડ પંપમેન-બોર ઓપરેટર-ઇલેક્ટ્રીક પંપ ઓપરેટર/ફિલ્ટર ઓપરેટર/વાયરમેન હેલ્પર/પગી-કમ ઇલેક્ટ્રીક મોટર ડ્રાયવર-વોટર સપ્લાય ઓપરેટર | (૧) ૧૧૫૦-૧૫૦૦ સેકન્ડ કલાસ વાયરમેનની લાયકાત ધરાવનાર માટે<br>(૨) ૭૫૦-૯૪૦ અન્ય માટે | (૧) ૩૦૫૦-૪૫૯૦ સેકન્ડ કલાસ વાયરમેનની લાયકાત ધરાવનાર માટે<br>(૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | |
| ૨૧ | વોટર વર્કસ મીકેનીક/લાઇનમેન-આસી.લાઇનમેન/વોટરવર્કર ફીટર/ વોટર વર્કસ મિસ્ત્રી/પ્લંબર | ૯૫૦-૧૪૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૨૨ | ગ્રંથપાલ | (૧) ૧૨૦૦-૨૦૪૦ લાયબ્રેરી વિજ્ઞાનમાં ડીગ્રી-ડિપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે<br>(૨) ૯૫૦-૧૫૦૦ અન્ય માટે | (૧) ૪૦૦૦-૬૦૦૦ લાયબ્રેરી વિજ્ઞાનમાં ડીગ્રી ડીપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે<br>(૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | |
| ૨૩ | બાલમંદિર શિક્ષક | ૯૫૦-૧૪૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૨૪ | મહિલામંડળ સંચાલિકા | ૯૫૦-૧૪૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૨૫ | ડ્રેસર | ૮૦૦-૧૧૫૦ | ૨૬૫૦-૪૦૦૦ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | દાઇ-દાયણ | (૧) ૯૫૦-૧૪૦૦ તાલીમી દાઇ/દાયણ માટે<br>(૨) ૭૫૦-૯૪૦ અન્ય માટે | (૧) ૩૦૫૦-૪૫૯૦ તાલીમી દાઇ /દાયણ માટે<br>(૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | |
| ૨૭ | કંડકટર/સેનેટરી ફિલ્ડવર્કર | ૯૫૦-૧૪૦૦ | ૩૦૫૦-૪૫૯૦ | |
| ૨૮ | નાયક/મુકાદમ/સેનેટરી મુકાદમ/જમાદાર | ૭૭૫-૧૦૨૫ | ૨૬૧૦-૩૫૪૦ | |
| ૨૯ | હેડમાળી | ૭૭૫-૧૦૨૫ | ૨૬૧૦-૩૫૪૦ | |
| ૩૦ | પંપ એટેન્ડેન્ટ/પંપમેન | ૮૦૦-૧૧૫૦ | ૨૬૫૦-૪૦૦૦ | |
| ૩૧ | વર્ગ-૪ ની અન્ય જગ્યાઓ | ૭૫૦-૯૪૦ | ૨૫૫૦-૩૨૦૦ | |

| | |
|---|---|
| નોંધ-૧ | તા. ૩૧-૧-૧૯૯૨ના ઠરાવ ક્રમાંક: નપમ/૧૦૯૧/૨૯૫(૯૨)-ક ની અનુસૂચિ-ધ ની નોંધ (૧) હેઠળ જે નગર પંચાયતના સેક્રેટરી રૂા. ૧૪૦૦-૨૬૦૦ અથવા રૂા. ૧૬૪૦-૨૯૦૦નું પગાર ધોરણ મેળવતા હશે તેમને અનુક્રમે રૂા.૫૦૦૦-૮૦૦૦ અને રૂા. ૫૫૦૦-૯૦૦૦નું પગાર ધોરણ અંગત પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે. |
| નોંધ-૨ | તા. ૩૧/૧/૯૦ના ઠરાવ ક્રમાંક: નપમ/ ૧૦૯૧/૨૯૫(૯૨)-ક ની અનુસૂચિ-ધ ની નોંધ (૨) હેઠળ જે રૂપાંતરીત ગ્રામ પંચાયતના મંત્રી રૂા. ૧૨૦૦-૨૦૪૦ અથવા રૂા. ૧૪૦૦-૨૬૦૦ અથવા રૂા. ૧૬૪૦-૨૯૦૦નું પગાર ધોરણ મેળવવાને પાત્ર થતા હશે તેમને અનુક્રમે રૂા. ૪૦૦૦-૬૦૦૦, ૫૦૦૦-૮૦૦૦ તથા ૫૫૦૦-૯૦૦૦નું પગાર ધોરણ અંગત પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે. |
| નોંધ-૩ | જે રૂપાંતરીત નગર અથવા ગ્રામ પંચાયતના હેડકલાર્ક, હેડકલાર્ક-કમ-એકાઉન્ટન્ટ, હેડકલાર્ક-કમ-શોપ ઇન્સ્પેકટર, જનરલ કલાર્ક એકાઉન્ટન્ટ, ચીફ એકાઉન્ટન્ટ, હેડ એકાઉન્ટન્ટ અથવા ઓકટ્રોય એકાઉન્ટન્ટ તા. ૩૧/૧/૯૨ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-૩ હેઠળ રૂા. ૧૪૦૦-૨૬૦૦નું પગાર ધોરણ મેળવતા હશે તેમને રૂા. ૫૦૦૦-૮૦૦૦ પગાર ધોરણ લાગુ પડશે જયારે રૂા. ૧૨૦૦-૨૦૪૦નું પગાર ધોરણ મેળવતા કર્મચારીઓને રૂા. ૪૦૦૦-૬૦૦૦ પગાર ધોરણ લાગુ પડશે. |
| નોંધ-૪ | જે નોન કવોલીફાઇડ ઓવરશીયર કે સુપરવાઇઝર અથવા અનું.નં.૫ મા દર્શાવેલ જગાઓ પર કામ કરતા નોન કવોલીફાઇડ કર્મચારી તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૪)હેઠળ રુ.૧૪૦૦-૨૩૦૦ અથવા રુ.૧૩૫૦-૨૨૦૦ નું પગારધોરણ મેળવવાને પાત્ર થતા હશે તેમને અનુક્રમે રુ.૪૫૦૦-૭૦૦૦ અને રુ.૪૦૦૦-૬૦૦૦ પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૫ | જે નોન કવોલીફાઇડ ઓવરશીયર તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૫) હેઠળ રુ.૧૨૦૦-૧૮૦૦ નુ પગાર ધોરણ મેળવવાને પાત્ર હશે તેમને રુ.૪૦૦૦-૬૦૦૦ નું પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૬ | અનુક્રમ નં.૮ માં દર્શાવેલ જગાઓ પર કામ કરતા જે કર્મચારી તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૬)હેઠળ રુ.૧૪૦૦-૨૬૦૦ નુ પગારધોરણ મેળવવાને પાત્ર થતા હશે તેમને રુ ૫૦૦૦-૮૦૦૦ પગારધોરણ લાગુ પડશે અને જો કોઇ રીકવરી અધિકારી તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવ હેઠળ રુ. ૧૩૨૦-૨૦૪૦ નુ પગારધોરણ મેળવવાને પાત્ર થતા હશે તો તેમને રુ. ૪૦૦૦-૬૦૦૦ પગાર લાગુ પડશે. |
| નોંધ-૭ | જે ગ્રામ પંચાયતના સીનીયર કારકુન તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૭)હેઠળ રુ. ૧૨૦૦-૨૦૪૦ નુ પગારધોરણ મેળવવાને પાત્ર થતા હશે તો તેમને રુ. ૪૦૦૦-૬૦૦૦ પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૮ | જે ગ્રામ પંચાયતના સીનીયર કલેકશન કારકુન, કેશીયર કલાર્ક કમ કેશીયર, એકાઉન્ટન્ટ અથવા જુનીયર કલેકશન કારકુન તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૮) અન્વયે રુ.૧૨૦૦-૨૦૪૦ નું પગારધોરણ મેળવવાને પાત્ર થતા હશે તેમને રુ.૪૦૦૦-૬૦૦૦ પગાર લાગુ પડશે. પરંતુ તેઓ ખાસ પગાર મેળવવાને પાત્ર થશે નહિ. |

| | |
|---|---|
| નોંધ-૯ | જે નોન ક્વોલીફાઇડ સેનેટરી ઇન્સ્પેક્ટર,સેનેટરી સુપરવાઇઝર અથવા ફુડ ઇન્સ્પેક્ટર તાઃ ૩૧/૧/૯૨ ના ઠરાવની અનુસૂચિ-ધ ની નોંધ-(૯) અન્વયે રુ. ૧૨૦૦-૨૦૪૦ નું પગારધોરણ મેળવવાને પાત્ર બનતા હશે તેમને રુ.૪૦૦૦-૬૦૦૦ પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૧૦ | જે નોન ક્વોલીફાઇડ સર્વેયર, મિકેનીક-મીસ્ત્રી, ડ્રાફટમેન અથવા મિકેનીકલ-ફોરમેન તા. ૩૧/૧/૯૨ના ઠરાવની અનુસૂચિ-ધની નોંધ(૧૦) અન્વયે રૂા. ૯૫૦-૧૫૦૦નું પગાર ધોરણ મેવવવાને પાત્ર બનતા હશે તેમને રૂા. ૩૦૫૦-૪૫૯૦ પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૧૧ | જે પંપ એટેન્ડન્ટ કે પંપમેન તા. ૩૧/૧/૯૨ના ઠરાવની અનુસૂચિ-ધની નોંધ(૧૧) અન્વયે રૂા.૯૫૦-૧૪૦૦ નું પગાર ધોરણ મેવવવાને પાત્ર બનતા હશે તેમને રૂા. ૩૦૫૦-૪૫૯૦ પગારધોરણ લાગુ પડશે. |
| નોંધ-૧૨ | જે ઓક્ટ્રોય ગાર્ડ તા. ૨૨/૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃ નપન/૧૦૯૧/૧૩૭૧(૯૭)/ક અન્વયે રૂા.૯૫૦-૧૫૦૦ નું પગાર ધોરણ મેવવવા હશે,તેમને રૂા. ૩૦૫૦-૪૫૯૦ પગારધોરણ મળવાપાત્ર થશે. |

# પરિશિષ્ટ– "ક"

અનુસૂચિ "ગ" ના કોલમ નં.૩ માં દર્શાવેલ વિધમાન પગાર ધોરણના વિગતવાર પગાર ધોરણો

---

૧. ૭૫૦–૧૨–૮૭૦–ઇબી–૧૪–૯૪૦
૨. ૭૭૫–૧૨–૮૭૧–૧૪–૧૦૨૫
૩. ૮૦૦–૧૫–૧૦૧૦–ઇબી–૨૦–૧૧૫૦
૪. ૯૫૦–૨૦–૧૧૫૦–ઇબી–૨૫–૧૪૦૦
૫. ૯૫૦–૨૦–૧૧૫૦–ઇબી–૨૫–૧૫૦૦
૬. ૧૧૫૦–૨૫–૧૫૦૦
૭. ૧૨૦૦–૩૦–૧૪૪૦–ઇબી–૩૦–૧૮૦૦
૮. ૧૨૦૦–૩૦–૧૫૬૦–ઇબી–૪૦–૨૦૪૦
૯. ૧૩૨૦–૩૦–૧૫૬૦–ઇબી–૪૦–૨૦૪૦
૧૦. ૧૩૫૦–૩૦–૧૪૪૦–૪૦–૧૮૦૦–ઇબી–૫૦–૨૨૦૦
૧૧. ૧૪૦૦–૪૦–૧૮૦૦–ઇબી–૫૦–૨૩૦૦
૧૨. ૧૪૦૦–૪૦–૧૬૦૦–૫૦–૨૩૦૦–ઇબી–૬૦–૨૬૦૦
૧૩. ૧૬૦૦–૫૦–૨૩૦૦–ઇબી–૬૦–૨૬૬૦
૧૪. ૧૬૪૦–૬૦–૨૬૦૦–ઇબી–૭૫–૨૯૦૦

## અનુસૂચિ-ચ

## તા.૧૦-૮-૦૫ ની સ્થિતિએ ગ્રામ પંચાયતોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | | **અમદાવાદ જિલ્લો** |
| | ૧. | રાણપુર ગ્રામ પંચાયત |
| ૨. | | **અમરેલી જિલ્લો** |
| | ૨. | વડીયા ગ્રામ પંચાયત |
| | ૩. | ચિતલ જશવંતગઢ ગ્રામ પંચાયત |
| | ૪. | ડુંગર ગ્રામ પંચાયત |
| | ૫. | લીલીયા ગ્રામ પંચાયત |
| ૩. | | **ભાવનગર જિલ્લો** |
| | ૬. | પાળીયાદ ગ્રામ પંચાયત |
| | ૭. | ઉમરાળા ગ્રામ પંચાયત |
| ૪. | | **જામનગર જિલ્લો** |
| | ૮. | જોડિયા ગ્રામ પંચાયત |
| | ૯. | લાલપુર ગ્રામ પંચાયત |
| | ૧૦ | બેટ ગ્રામ પંચાયત |
| ૫. | | **જુનાગઢ જિલ્લો** |
| | ૧૧ | બીલખા ગ્રામ પંચાયત |
| | ૧૨ | મેંદરડા ગ્રામ પંચાયત |
| | ૧૩ | માળીયા-હાટીના ગ્રામ પંચાયત |
| ૬. | | **ખેડા જિલ્લો-નડિયાદ** |
| | ૧૪ | વસો ગ્રામ પંચાયત |
| ૭. | | **આણંદ જિલ્લો** |
| | ૧૫ | ભાદરણ ગ્રામ પંચાયત |
| | ૧૬ | ધર્મજ ગ્રામ પંચાયત |
| ૮. | | **કચ્છ જિલ્લો** |
| | ૧૭ | મુન્દ્રા ગ્રામ પંચાયત |
| ૯. | | **પાટણ જિલ્લો** |
| | ૧૮ | ધિણોજ ગ્રામ પંચાયત |
| ૧૦. | | **રાજકોટ જિલ્લો** |
| | ૧૯ | જામકંડોરણા ગ્રામ પંચાયત |
| | ૨૦ | ટંકારા ગ્રામ પંચાયત |
| | ૨૧ | વીછીંયા ગ્રામ પંચાયત |
| ૧૧. | | **સુરેન્દ્રનગર જિલ્લો** |
| | ૨૨ | ચુડા ગ્રામ પંચાયત |
| | ૨૩ | લખતર ગ્રામ પંચાયત |
| | ૨૪ | સાયલા ગ્રામ પંચાયત |
| | ૨૫ | મુળી ગ્રામ પંચાયત |
| ૧૨. | | **વડોદરા જિલ્લો** |
| | ૨૬ | સંખેડા ગ્રામ પંચાયત |
| | ૨૭ | સિનોર ગ્રામ પંચાયત |

તા.૧-૪-૬૩ ના રોજ સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ૯૧ ગ્રામ/નગર પંચાયતો પૈકી નીચે મુજબની પંચાયતો તા.૧-૧-૯૬ ના રોજ અસ્તિત્વમાં છે બાકીની ગ્રામ/નગર પંચાયતોનું મ્યુન્સિપલ બરોમાં રૂપાંતર થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | | **અમદાવાદ જિલ્લો** |
| | ૧. | રાણપુર ગ્રામ પંચાયત |
| ૨. | | **અમરેલી જિલ્લો** |
| | ૨ | બાબરા ગ્રામ પંચાયત |
| | ૩ | ધારી ગ્રામ પંચાયત |
| | ૪ | વડીયા ગ્રામ પંચાયત |
| | ૫. | ચિતલ જશવંતગઢ ગ્રામ પંચાયત |
| | ૬. | [illegible]ગર ગ્રામ પંચારાત |
| | ૭ | લીલીયા ગ્રામ પંચાયત |
| ૩. | | **ભાવનગર જિલ્લો** |
| | ૮. | વલ્લભીપુર ગ્રામ પંચાયત |
| | ૯. | પાળીયાદ ગ્રામ પંચાયત |
| | ૧૦. | ઉમરાળા ગ્રામ પંચાયત |
| ૪. | | **જામનગર જિલ્લો** |
| | ૧૧. | જોડિયા ગ્રામ પંચાયત |
| | ૧૨ | ર[illegible]ખા ગ્રામ પંચાયત |
| | ૧૩. | લાલપુર ગ્રામ પંચાયત |
| | ૧૪ | બેટ ગ્રામ પંચાયત |
| ૫. | | **જુનાગઢ જિલ્લો** |
| | ૧૫ | બીલખા ગ્રામ પંચાયત |
| | ૧૬. | મેદરડા ગ્રામ પંચાયત |
| | ૧૭ | તલાલા ગ્રામ પંચાયત |
| | ૧૮ | માળીયા-હાટીના ગ્રામ પંચાયત |
| ૬. | | **ખેડા જિલ્લો-નડિયાદ** |
| | ૧૯ | વસો ગ્રામ પંચાયત |
| ૭. | | **આણંદ જિલ્લો** |
| | ૨૦ | ભાદરણ ગ્રામ પંચાયત |
| | ૨૧ | સોજીત્રા ગ્રામ પંચાયત |
| | ૨૨ | ધર્મજ ગ્રામ પંચાયત |
| ૮. | | **કચ્છ જિલ્લો** |
| | ૨૩ | મુન્દ્રા ગ્રામ પંચાયત |
| ૯. | | **પાટણ જિલ્લો** |
| | ૨૪ | ધિણોજ ગ્રામ પંચાયત |
| ૧૦. | | **રાજકોટ જિલ્લો** |
| | ૨૫ | જામકંડોરણા ગ્રામ પંચાયત |
| | ૨૬ | માણીયા-મીયાણા ગ્રામ પંચાયત |
| | ૨૭ | ટંકારા ગ્રામ પંચા[illegible] |
| | ૨૮ | વીછીંયા ગ્રામ પં[illegible]ાયત |
| ૧૧. | | **સુરેન્દ્રનગર જિ[illegible]ો** |
| | ૨૯ | ચુડા ગ્રામ પંચાયત |
| | ૩૦ | લખતર ગ્રામ પંચાયત |
| | ૩૧ | સાયલા ગ્રામ પંચાયત |
| | ૩૨ | મુળી ગ્રામ પંચાયત |
| | ૩૩ | ચોટીલા ગ્રામ પંચાયત |
| ૧૨. | | **વડોદરા જિલ્લો** |
| | ૩૪ | સંખેડા ગ્રામ પંચાયત |
| | ૩૫ | શિનોર ગ્રામ પંચાયત |
| ૧૩ | | **નવસારી જિલ્લો** |
| | ૩૬ | ગણદેવી ગ્રામ પંચાયત |

૯૧
૧૨૨

## વિકલ્પનો નમુનો
## ( ૬ઓ ફકરા : ૧૦ )

હું............................નામઃ–

.............................................   હોદ્દોઃ–..................

ગ્રામ પંચાગત/ નગર પંચાયત,........................જિલ્લો :– આથી................

(૧) તા. ૧–૧–૯૬ થી સુધારેલ પગાર ધોરણ પસંદ કરુ છું.

(૨) (અ) આગામી ઇજાફાની તા...............................સુધી

(બ) મારો પગાર રુા........................ થાય ત્યા સુધી

(ક) હુ વિદયમાન પગાર ધોરણ રુા....................(હાલનું પગાર ધોરણ દર્શાવવું) મા પગાર લેવાનું છોડી દઉં અથવા બંધ કરુ ત્યાં સુધી વિદયમાન પગાર ધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરુ છું.

૨. મારો આ વિકલ્પ આખરી છે. અને તેમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહી.

સ્થળ :–

તારીખઃ–

સહિ

......................,

નામઃ–.....................

હોદ્દોઃ–.....................

ગ્રામ/નગર પંચાયત.........

જિલ્લોઃ–..................

મારી રુબરુ સહી કરી છે.

સહી .............

નામ..............

હોદ્દો.............

(સરપંચ.....................ગ્રામપંચાયત,   ..................જિલ્લો.....

ઉપરનો વિકલ્પ મળ્યો છે.

સ્થળ :–

તારીખઃ–

સહિ................

નામઃ–..............

.....,

તાલુકા વિકાસ અધિકારીશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,............તાલુકા જિલ્લા પંચાયત,

---

– લાગુ ન પડતુ હોય તે ચેકી નાખવું.